પૂર્વછાયો- વળી કહું એક વારતા, સુંદર છે અતિસાર ।
જેણી રીત્યે હરિજનની, વળી કરી હરિયે વાર ॥૧॥
બારાં મધ્યે એક બહુ સારું, ગણિએ ગુડેલ ગામ ।
ખરા ક્ષત્રિ ત્યાં રહે, જેનું છે જીભાઈ નામ ॥૨॥

તેહના તે ગામ ઉપરે, વળી આવી ચોરની ધાડ્ય ।
લાગ્યા તે સહુને લુંટવા, પાપીએ પડાવી રાડ્ય ॥૩॥
તેહ સુણિ શૂરવીર ધીર, તરત થયા તૈયાર ।
રુડા રણમાં રમવા, લીધાં હાથ હથિયાર ॥૪॥

ચોપાઇ- મારી ચોર કર્યા ચકચુર, જે રહ્યા તે ભાગી ગયા દૂર ।
એક ચોર રહ્યોતો સંતાઈ, કર્યો ઘાવ તેણે શિરમાંઈ ॥૫॥
પછી તે તસ્કરને મારી, કાઢી ધાડ્ય ગામમાંથી બારી ।
કરી જીત વળ્યા નિજઘેર, સમરતાં સ્વામી રુડિપેર ॥૬॥
રાખી વરતિ તે મૂર્તિમાંઇ, ઘાયા તેની પીડા નહિ કાંઇ ।
સુખે વીત્યા દશપાંચ દન, આવ્યા ભક્ત પાસે ભગવન ॥૭॥
નિર્ખ્યા જીભાઈએ શ્રીજગદીશ, અતિહરખે નમાવિયું શીશ ।
કહે ધન્ય દીનપ્રતિપાળ, મારી આ સમે લીધી સંભાળ ॥૮॥
એમ કહિને જોડિયા હાથ, ત્યારે બોલિયા નેહશું નાથ ।
આજ થકી જાણો ત્રિજે દન, તમારે નથી રાખવું તન ॥૯॥
મેલી દેહ આવો બ્રહ્મમોલ, એમ કહી દઈ ચાલ્યા કોલ ।
ત્યારે રાજી થયા છે જીભાઈ, અતિહરખ પામ્યા મનમાંઈ ॥૧૦॥
જોઈ રહ્યા છે વાયદે વાટ, બ્રહ્મમોહોલમાં જાવું તે માટ ।
ત્યારે નાથજી થયા તૈયાર, સાથે લઈ દશ તે અશ્વાર ॥૧૧॥
વાલો આવ્યા વડગામમાંઈ, દિધાં દાસને દર્શન ત્યાંઈ ।
પછી આવ્યા છે ગુડેલ ગામ, કરવા જીભાઈનું હરિ કામ ॥૧૨॥
દિધાં દર્શનદાન બહુને, થયું આશ્ચર્ય જન સહુને ।
કોટીકોટી સૂર્યને સમાન, દીઠા સખાસંગે ભગવાન ॥૧૩॥
આવ્યા જીવન જીભાઈ પાસ, દીનબંધુ જાણી નિજદાસ ।
કહે વાલોજી વારમવાર, થાઓ જીભાઈ હવે તૈયાર ॥૧૪॥
ત્યારે જીભાઈ થયા પ્રસન્ન, તરત તજ્યું રાજી થઈ તન ।
માગી શિખ મૂક્યું જ્યારે તન, જોઈ આશ્ચર્ય પામિયા જન ॥૧૫॥
કહે ધન્યધન્ય મારા નાથ, તેડી ચાલ્યા જીભાઈને સાથ ।

આવી રીત્ય દીઠી ન સાંભળી, તેવી આજ જોઈ અમે મળી ॥૧૬॥
માટે આથી પર્ચો શિયો અન્ય, હશે પાપી તે નહિ માને મન્ય ।
આવી રીત્યે તન જાય છૂટી, એથી વાત બીજી કઈ મોટી ॥૧૭॥
એક ચડોતરે બોચાસણ, તિયાં કાશીદાસ શિરોમણ ।
તેને સાચી સમજાણી વાત, રહ્યો સંશયવત એનો તાત ॥૧૮॥
તેને કાશીદાસ કહે એમ, તમે સ્વામીને સમજો છો કેમ ।
ત્યારે કાનદાસે એમ કહ્યું, શુકસરિખા એવું મેં લયું ॥૧૯॥
ત્યારે કાશીદાસ કહે તાત, સ્વામી સ્વયં શ્રીહરિ સાક્ષાત ।
ત્યારે કાનદાસ કહે હશે, પણ મટ્યો નહિ મનસંશે ॥૨૦॥
એમ કરતાં વીત્યા કાંઈ દન, થયાં કાનદાસને દર્શન ।
દીઠા પરમહંસ લાખો લેખે, તન તેજ સૂર્યથી વશેખે ॥૨૧॥
કોઈ દિઠા છે નારદ જેવા, કોઈ શુકસમાન છે એવા ।
કોઈક દિઠા સનક સમાન, કોઈ વાલ્મીક મુનિ નિદાન ॥૨૨॥
ઋષિ સહસ્ર અઠ્યાશી છે જેહ, દિઠા તેજના અંબાર તેહ ।
જોઈ આશ્ચર્ય અંતરે પામ્યા, સંશય સર્વે મનનો વામ્યા ॥૨૩॥
પછી લાગ્યા છે સહુને પાય, અતિ રાજી થઈ મનમાંય ।
કહે ધન્ય ધન્ય મુનિજન, ધન્ય સહજાનંદ ભગવન ॥૨૪॥
તમે મુનિ ને જે મહારાજ, આવ્યા જીવ ઉધારવા કાજ ।
આવો પ્રકટ પરચો પામી, નહિ માને જે હશે હરામી ॥૨૫॥
વળી ચડોતરમાં મેઘવે, કહું વાત કણબીની હવે ।
નરોત્તમ ને નાગરદાસ, કરે સત્સંગની ઉપહાસ ॥૨૬॥
ધન જોબનને બળે કરી, પગ ન ભરે પ્રભુથી ડરી ।
કરે ભક્તની નિંદા અમટ, તે પાપે વળગ્યાં ભૂત ષટ્ ॥૨૭॥
બે ભોઈ બે ભંગિયા નિદાન, એક ખત્રી એક મુસલમાન ।
વળગ્યાં નરોત્તમને એ ષટ્, આપે અંગમાં દુઃખ અમટ ॥૨૮॥
જ્યારે આવે અંગમાંઈ ભોઈ, ત્યારે ભાર લિયે શિર ઢોઈ ।
જ્યારે મુલ્લાં આવે અંગમાંયે, ત્યારે માગે છે કાંઈનું કાંયે ॥૨૯॥

આવે ભંગિયા બે ભેળા મળી, માગે ખાવા અખાજ તે વળી ।
જ્યારે ખત્રી કરે પરવેશ, ત્યારે કરે હોયેશ હોયેશ ॥૩૦॥
જ્યારે જેજે વસે આવી અંગ, ત્યારે તેવો જ કરેછે રંગ ।
એમ ભૂત વળગ્યાં એ છોય, મુવા લગી મુકે નહિ કોય ॥૩૧॥
વળી ધડ પર નહિ જેને શિશ, વળગ્યો તે નાગરને ખવિશ ।
વળી એકને વળગ્યો કોળી, થઈ ભેળી ભૂતતણી ટોળી ॥૩૨॥
કોઈ મુંઝવે કોઈ રોવારે, કોઈ જગાવે કોઈ સુવારે ।
કોઈ ધુણવે ધ્રુજવે વળી, એમ દિયે દુઃખ સહુ મળી ॥૩૩॥
તે કાઢવા ઉપાય બહુ કરીયા, કર્યા ભેળા ભૂવા ને જાગરિયા ।
ધુણીધુણી ધન ગયા ખાઈ, તોયે ફેર પડ્યો નહિ કાંઈ ॥૩૪॥
પછી ચાલ્યા ત્રણ્યે ત્યાંથી મળી, આવ્યા વરતાલે સ્વામી સાંભળી ।
કર્યાં દર્શન લાગીયા ચરણ, સ્વામી અમો છું તમારે શરણ ॥૩૫॥
ત્યારે ભૂતને ભય જ લાગી, રહી ન શક્યાં નિસર્યાં ભાગી ।
જોઈ મહારાજનો પરતાપ, થયો ભૂતતણે તન તાપ ॥૩૬॥
ન ખમાણું તે નિસર્યાં ખસી, જે રહ્યાંતાં એ ત્રણ્યમાં વસી ।
પછી ત્રણ્યે સતસંગી થયા, ધારી નિયમ નિજઘેર ગયા ॥૩૭॥
તે જોઈ સહુ આશ્ચર્ય પામ્યાં, ધન્ય સ્વામી કહી શિશ નામ્યાં ।
થયો પરચો જાણ્યો સહુ જને, કાઢ્યાં ભૂત પોત્યે ભગવને ॥૩૮॥
વળી એ દેશે મુમધા ગામ, તિયાં બ્રાહ્મણ ઈશ્વર નામ ।
તેહને બ્રહ્મરાક્ષસ વળગો, આપે દુઃખ થાય નહિ અળગો ॥૩૯॥
તે રાક્ષસને કાઢવા માટ, ઘેરે બેસાર્યો શાસ્ત્રીય પાઠ ।
ધુણીધુણી ને થયો બેહાલ, તોય ભૂતે મેલ્યો નહિ ખ્યાલ ॥૪૦॥
ભણે શ્લોક ભેળા શ્લોક તેહ, થયો ભૂત તે ભણેલો એહ ।
કૌમુદી ન્યાય વ્યાકરણ જાણે, બોલે ગીર્વાણી સંગે ગીર્વાણે ॥૪૧॥
કોઈ રીત્યની ન માને વાત, દિયે દુઃખ દિવસ ને રાત્ય ।
પછી બ્રાહ્મણ જેતલપુરે, આવ્યો શ્રીહરિની તે હજુરે ॥૪૨॥
આવી લાગ્યો મહારાજને પાય, ત્યારે ભૂત બોલ્યો એહમાંય ।

હવે હું ક્યાં જાઉં મુરારી, આવ્યો બ્રાહ્મણ શરણ તમારી ॥૪૩॥
કહે નાથ રહે સંતમાંય, ભૂત કહે પાસે કેમ અવાય ।
તારે નાથ કહે જા બદ્રીવન, કર્ય નરવીરનું દર્શન ॥૪૪॥
પછી ભૂત શિખ માગી ગયો, દ્વિજ ઈશ્વરજી સાજો થયો ।
તે પ્રતાપ શ્રીમહારાજ તણો, શું કહીયે મુખથી ઘણોઘણો ॥૪૫॥
વળી જેતલપુરને માંઈ, કણબી નામ તેનું રાઈબાઈ ।
તેને વળગી ચુડેલ સયાણી, દિયે દુઃખ નિત્યપ્રત્યે ઘણી ॥૪૬॥
લઈ જાય પહેર્યાનાં લુગડાં, જાય ઝોંટી ખાવાનાં ઠામડાં ।
થાય પાંચ દશ દન જ્યારે, નાખી જાય ફોડી ત્રોડી ત્યારે ॥૪૭॥
એમ ચુડેલ પડી છે કેડ્યે, જાય ચડાવી પાડરૂં મેડે ।
પછી તે બાઈ પ્રભુને પાસ, આવી કરી એની અરદાસ ॥૪૮॥
ત્યારે બોલિયા શ્રીભગવાન, થા સત્સંગી લે વ્રતમાન ।
પછી તે બાઈએ તેમ જ કર્યું, ત્યારે ભૂત તે ભાગી નિસર્યું ॥૪૯॥
તે પ્રતાપ શ્રીમહારાજ તણો, શું કહીએ વળી મુખથી ઘણો ।
એમ આપે જનને આનંદ, નયણે નિર્ખિ કહે નિષ્કુળાનંદ ॥૫૦॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળાનંદ મુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીજી મહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને છપનમું પ્રકરણમ્ ॥૧૫૬॥